**સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૭/૨૦૨૦**
**આંક –૧૬૦**

| | | |
|---|---|---|
| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૭/૨૦૨૦ | | |
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૧ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | લશાભાઈ લવજીભાઈ મેઘવાળ | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | NO |
| ઉંમર આશરે | ૬૯ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | ગોલા તા.ધાનેરા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | સ્પે.પી.પી.શ્રી | એસ.કે.જોષી |

(૧) હું ગોલા ગામે રહી ખેતીનો ધંધો કરુ છું. મારે બે દિકરા અને ચાર દિકરીઓ છે. અત્યારે તમામ બાળકોના લગ્ન થઈ ગયેલ છે.

(૨) બનાવ તા.૧૬/૪/૨૦ના રોજ હું તથા મારો દીકરો મુકેશ જીપ ગાડી લઈ સાડા અગિયાર વાગ્યાના સુમારે અમારા ગામમાં આવેલ ચામુંડા માતાના મંદિરે દર્શન કરવા ગયેલ હતા. તે વખતે અમારા ગામના હિરાભાઈ શંકરભાઈ મેઘવાળ મંદિરે આવેલ હતા અને મને જણાવેલ કે અગાઉ મારા ઉપર અરજીઓ કેમ કરેલ છે? તેમ કહેતા મે તેમને કહેલ કે મારો કોઈ વાંક નથી. તમે લોકોએ મને સમાજ બહાર મુકી દીધેલ છે અને મારી દીકરીના લગ્ન કરવાના બાકી છે. જેથીતમે મને સમાજ બહાર મુકેલ છે. જેથી મે અરજી કરેલ છે તેવી વાત કરતા આ હીરાભાઈએ મને કહેલ કે તુ અહીંયા ઉભો રહે હું માણસો લઈને આવુ છુ તેવી વાત કરતા હીરાભાઈ સાથે ટોળુ લઈ આવેલા. મને તથા મારા દીકરા મુકેશને હીરાભાઈએ મને તથા મારા દિકરા મુકેશને લાકડાના ધોકા તથા પાઈપ વડે માર મારેલ. હીરાભાઈએ લોખંડનું ધારીયુ મારા દીકરા મુકેશના પાછળના ભાગે મારેલુ અને આ ટોળામાં અમારા ગામના શંકરભાઈ દેવાભાઈ પટેલ જે હાજર હતા. તેઓએ લોખંડનો ભાલો મને જમણા હાથની કોણી પર મારેલો. જેના કારણે લોહી ચાલુ થઈ ગયેલુ. આ લોકોએ ગડદાપાટુ તથા લાકડીઓથી માર મારેલો. આ લોકો કહેતા હતા કે લશાભાઈ તથા તેમનો દીકરો મરી ગયા છે તેમ કહી આ લોકો ત્યાંથી જતા રહેલા

સાહેદની સહી............................

અને લોકોએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલી. અમારા ગામના પ્રવિણભાઈએ તેમના સ્કુટર ઉપર મને તથા મારા દીકરાને સારવાર માટે લઈ જતા હતા તે દરમિયાન ૧૦૮ એમ્બ્યુલન્સ આવી ગયેલ તેમાં બેસાડી ધાનેરા સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલ ત્યાંથી વધુ સારવાર માટે પાલનપુર સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા. પાલનપુર સીવીલ હોસ્પિટલમાં પાલનપુર પૂર્વ પો.સ્ટે.ના કોન્સ્ટેબલ સરકારી દવાખાને આવી અમારી ફરીયાદ લઈ ગયેલા. પાલનપુર સારવાર કરાવ્યાબાદ ડીસા મુકામે પ્રાઈવેટ હોસ્પિટલમાં હાથનું ઓપરેશન કરાવેલું. ત્યારબાદ અમો અમારા ગામે ગયેલા તે સમયે પોલીસ આવેલી અને ગુનાવાળી જગ્યા બતાવેલી. પોલીસે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ. ત્યારબાદ પોલીસને મારી જાતી અંગેનુ પ્રમાણપ્રત્ર આપેલુ. ફરીયાદ આપ્યા બાદ પોલીસે પ્રથમ નિવેદન સીવીલ હોસ્પિટલ પાલનપુર ખાતે લીધેલુ અને ત્યારબાદ બે નિવેદન અમારા ગામે આવીને લીધેલા.

મને માર્ક:૯૧/૨ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ ,જે રજુ દાખલ **આંક:૧૬૧** આપવામાં આવે છે.

મને માર્ક:૯૧/૫ વાળું જાતી અંગેનુ પ્રમાણપત્ર બતાવવામાં આવે છે, જે તાલુકા વિકાસ અધિકારી ધાનેરા તરફથી મેળવેલ જે તપાસના કામે પોલીસને આપેલ છે તે તેજ છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૧૬૨** આપવામાં આવે છે.

**આરોપીઓને હું ઓળખુ છુ , જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે, તે તેજ છે, જે પૈકી આરોપીનં.૩,૪,૭,૮,૯,૧૧ થી ૧૬,૨૦ થી ૨૩ ની ગેરહાજરી માફીની અરજી હોય જે આરોપીઓની ઓળખ માટે તકરાર નથી.**

મને મુદામાલ લાકડી, ધોકા, ભાલા, ધારીયું , પાઈપ બતાવવામાં આવે તો હું ઓળખી શકું.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી એક સફેદ થેલીમાંથી નામ.કોર્ટ તથા પક્ષકારોની સમક્ષ ખોલતા નીકળેલ સાત લાકડી અને એક ધોકો બતાવવામાં આવે છે, જે બનાવ વખતે આરોપીઓના હાથમાં હતી , તે તેજ છે, તેમજ ભાલો, ધારીયુ, લોખંડની પાઈપ બતાવવામાં આવે છે, જે ભાલો પટેલ શંકરભાઈ દેવાભાઈના હાથમાં હતો તે તે જ છે અને ધારીયુ હીરાભાઈ શંકરભાઈના હાથમાં હતું , તે તે જ છે.અને પાઈપ કોના હાથમાં હતી તેની મને ખબર નથી પરંતુ આરોપીઓના હાથમાં હતી.

સાહેદની સહી.............................

**સરતપાસ પુરી..**

**<u>આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.ટી.એ.ત્રિવેદી..</u>**

(૩) એ વાત ખરી છે કે ચોવીસ વ્યકિત સામે મારા ધ્વારા ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે આરોપી નં.૧ તથા ૭ થી ૨૪ મારા સમાજના અને મારી જ્ઞાતિના છે. એ વાત ખરી છે કે આરોપી નં. ૨ થી ૬ સુધી સવર્ણ સમાજના છે. મે એટ્રોસીટીની ફરીયાદો કેટલી દાખલ કરી તે મને ખબર નથી પણ અંદાજે બે ફરીયાદ કરેલી તે મને યાદ છે. મે અંદાજે બે એટ્રોસીટી કેસમાં જુબાની આપેલ તેવુ મને અંદાજે યાદ છે. મારી સામે આઠ થી દશ ફરીયાદો દાખલ કરેલી હશે. એ વાત ખરી છે કે તા.૧૬/૯/૧૯૯૧ ધાનેરા પો.સ્ટ. ફર્સ્ટ ગુ.રજી.નં.૮૮/૧૯૯૧ થી વિવિધ વ્યકિતઓ સામે એટ્રોસીટી ૪૩૬ વિગેરેની ફરીયાદ દાખલ કરેલી તે હકીકત ખરી છે. એ વાત ખરી નથી કે મે વીસ થી વધુ ફરીયાદો દાખલ કરેલી. એ વાત ખરી નથી કે આરોપી ધ્વારા ક્રોસીંગ પીટીશન દાખલ કરેલી અને જેમાં હુ હાજર થયેલો. એ વાતની મને ખબર નથી કે આરોપીએ ક્રોસીંગ પીટીશનમાં પંદરથી વધુ ફરીયાદો મારા ધ્વારા કરવામાં આવેલ છે તેવુ રજુ થયેલ છે. એ વાત ખરી નથી કે મારા ધ્વારા જુદીજુદી ફરીયાદો કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે આરોપી નં.૧ હીરાભાઈ અને અમો ફરીયાદી સામસામે સરપંચની ચૂંટણી લડેલા. એ વાત ખરી છે કે સરપંચની ચૂંટણીમાં હું હારી ગયો અને હીરાભાઈ ચૂંટણી જીતી ગયેલા. કહેવાતો બનાવ તા.૧૬/૪/૨૦નો બનેલો છે. બનાવ અગિયાર વાગ્યા આસપાસનો છે. એ વાત ખરી છે કે આરોપી નં.૧ હીરાભાઈ શંકરભાઈ તા.૧૬/૪/૨૦ના બપોરે બાર વાગે ઈ.પી.કો.કલમ–૩૨૩,૪૨૭,૫૦૬(૨),૨૯૪(બી)અને ૧૧૪ મુજબની અમો ફરીયાદી તથા અમારા દીકરા સામે ધાનેરા પો.સ્ટે.માં દાખલ કરેલ છે અને જે ફરીયાદ હાલ ધાનેરા કોર્ટમાં ચાલે છે.

સાહેદની સહી.............................

એ વાત ખરી છે કે સાહેદ મુકેશભાઈ મારો પુત્ર છે અને સાહેદ તેજાભાઈ મારો સગો ભાઈ છે અને સાહેદ જમનાબેન મારે પત્ની છે અને કમળાબેન મારી દીકરી થાય છે અને જેવાબેન મારા દીકરાની વહુ છે અને પ્રવિણભાઈ મારો ભત્રીજો થાય છે અને પરખાભાઈ મારા ભાઈ થાય છે. એ વાત ખરી છે કે ચામુંડા માતાનુ મંદિર જાહેર જગ્યા છે અને ત્યાં લોકો દર્શન કરવા માટે આવે છે. મંદિરમાં પુજારી નથી. મંદિરથી બે કિ.મી. દૂર હરીજનભાઈનો મહોલ્લો આવેલ છે અને આરોપી નં.૧ ત્યાં રહે છે. હું ખેતરમાં રહુ છું. મંદિરથી મારુ ખેતર ત્રણ કિ.મી.થાય છે. એ વાત ખરી છે કે આરોપીઓ સૌ પોતપોતાના ખેતરમાં મકાન બનાવી રહે છે. એ વાત ખરી છે કે મંદિરથી દૂર દૂર ખેતરો આવેલ છે. એ વાત ખરી છે કે કહેવાતા બનાવના દિવસે મંદિરમાં હુ અને મારો દીકરો મુકેશ ગયેલા બાકીના સભ્યો હાજર ન હતા. મારા પરીવાર સિવાય ગામના કોઈ માણસો આવેલ નહી. મારાથી બોલાતુ ન હોય મે ગામમાં કોઈને વાત કરેલી નહી. હું મોબાઈલ રાખુ છું. એ વાત ખરી છે કે ગોલાથી ધાનેરા,ડીસા અને પાલનપુર જવુ હોય તો વચ્ચે ધાનેરા પો.સ્ટે. આવે છે. એ વાત ખરી છે કે ગોલાથી નીકળી હું દવાખાને જતા પહેલા ધાનેરા પો.સ્ટે. ગયેલો નહી. એ વાત ખરી છે કે ધાનેરા પો.સ્ટે.માં મોબાઈલથી પણ વાતચીત કરેલ નહી. ગોળાથી નીકળી હું પ્રથમ ધાનેરા સીવીલમાં ગયેલો અને સારવાર અર્થે પંદર મીનીટ રાકાયેલા. અમો ૧૦૮માં ધાનેરા સીવીલમાં આવેલા. ધાનેરા દવાખાનેથી સીધા પાલનપુર સીવીલમાં ગયેલા. ધાનેરાથી બે કલાક પછી પાલનપુર સીવીલમાં ગયેલા. પાલનપુર સીવીલમાં ત્રણથી ચાર દિવસ રોકાયેલા. પાલનપુર પો.સ્ટે.માં કોના ધ્વારા જાણ કરેલ તે મને યાદ નથી. પાલનપુર પોલીસ બીજે દિવસે આવી. પાલનપુર પોલીસ અડધો કલાક રોકાયેલી. પાલનપુર સીવીલથી અમો ડીસા ખાનગી દવાખાને ગયેલા. ડીસા ખાનગી દવાખાનામાં મહીનો રોકાયેલા. પોલીસે મારા કહેવાતા વધુ નિવેદનો બનાવના સ્થળ ચામુડા માતાના મંદિરે લીધેલા. બનાવના ત્રણ દિવસ પછી મારા નિવેદન લીધેલા. પોલીસે દવાખાનાથી ગુનાવાળી

સાહેદની સહી.............................

જગ્યાએ આવવાનું કહેતા હું ત્યાં ગયેલો. એ વાત ખરી નથી કે આરોપી નં.૧ ચૂંટણીમાં જીતી જતા અને બાકીના આરોપીઓએ તેમને મદદ કરતા મારા ધ્વારા ખોટો બનાવ ઉભો કરી ફરીયાદ દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે મારી સરતપાસમાં જણાવ્યા મુજબનો કોઈ બનાવ બનેલ નથી અને સરતપાસમાં જણાવ્યા પ્રમાણે આરોપીઓએ તિક્ષ્ણ હથિયારો ધારણ કરી અમો ફરીયાદી તથા મારા દીકરાને ઈજા કરેલ હોય તેવુ બનેલ નથી તેમજ આરોપીઓએ અમો ફરીયાદી તથા કુટુંબના સભ્યોને ગાળો બોલી અને જાણથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી નં.૧ અમો ફરીયાદી તથા મારા દીકરા ઉપર ધાનેર પો.સ્ટે. ફરીયાદ આપેલ તેની અમોને જાણ થતા અમોએ બચાવરૂપે પાછળથી ખોટો બનાવ ઉભો કરી ફરીયાદ દાખલ કરેલ છે. અમો ફરીયાદીએ એક જ ચૂંટણી લડેલ છે અને મારી પત્ની પણ ચૂંટણી લડેલ છે. એ વાત ખરી નથી કે ગામમાં રાજકીય આધીપત્ય અને ધાક જમાવવા માટે મારા ધ્વારા અવાર-નવાર ખોટી એટ્રોસીટીની ગામ લોકો ઉપર ફરીયાદ દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે ગામમાં મારો ત્રાસ હોવાના કારણે ગામ અને અન્ય માણસોએ મારી સામે ફરીયાદ દાખલ કરેલ છે. આરોપી નં.૧૮ અને ૧૯ જેઓ સુરાવા(રાજસ્થાન) મુકામે રહે છે. બનાવવાળી જગ્યાએથી સુરાવા ચાર કિ.મી. આવેલ છે. એ વાત ખરી નથી કે મારા કહેવા મુજબની કોઈ ઈજા આરોપીઓ ધ્વારા કરવામાં આવેલ નથી. એવાત ખરી નથી કે કહેવાતો કોઈ બનાવ બનેલ ન હોવા છતા આરોપી નં.૧ તે દિવસે અમો ફરીયાદી તથા મારા દીકરા ઉપર ફરીયાદ આપેલી તેના બચાવ માટે પાછળથી મારા ધ્વારા ખોટી ફરીયાદ દાખલ કરવામાં આવેલી. એ વાત ખરી નથી કે આરોપીનં.૧ ઉપર જીપ વડે હુમલો કરવા જતા પડી જવાથી અમો તથા અમારા દીકરાને ઈજાઓ થયેલી. એ વાત ખરી નથી કે મારા ધ્વારા કરવામાં આવેલ ફરીયાદોની વિગતો હું જાણતો હોઉ છતા ઈરાદાપૂર્વક તે હકીકત જણાવતો નથી. એ વાત ખરી નથી કે આરોપીઓ દવેશવૃતિ રાખી બદલો લેવાની ભાવનાથી સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છું.

સાહેદની સહી.............................

**વિશેષ ઉલટતપાસ નથી..**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે..........................................**

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૧/૧૧/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>એટ્રો.સ્પેશ્યલ જજ, ડીસા |

સાહેદની સહી.............................